

વર્ષ-૧૩, અંક-૧૧, સંવત ૨૦૭૪ માગશર સુદ-૮,
પ્રસિધ્ધ તા. ૨૭-૧૧-૨૦૧૭, સોમવાર
છુટક નકલ રૂા. ૬-૦૦, વાર્ષિક લવાજમ રૂા. ૭૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017

## જય પરમાત્મા





**પ્રયચ્છતિ ચ ચોડખણ્ડં બ્રહ્મણો વિમલં પદમ્ ।**
**યેન સંસૃતિમાયાયા સ્વીર્યતે બન્ધન દ્રુતમ્ ॥**
**ગુરુભિર્લઘુભિર્મન્ત્રૈ: શિષ્યાત્મા(નિજાત્મા) પરમાત્મના ।**
**યોજ્યતે યેન શીઘ્રં ભોઃ તં ગુરું વલ્લભં નુમઃ ॥**

જેઓ અખંડ અને નિર્મલ એવા બ્રહ્મપદ્નો ઉપદેશ આપે છે કે જેનાથી સંસાર અને માયાનો જલ્દી પાર પમાય છે, જેઓના લઘુ-મહામંત્રોથી શિષ્યોના આત્મા પરમાત્મા સાથે જલ્દી એકાગ્રતા સાધે છે, તે સદ્ગુરુ વલ્લભને અમો પ્રણામ કરીએ છીએ.

**અન્યે શિષ્યા ગુરુશ્ચાહં નાસીધસ્ય ચ ભાવના ।**
**'સર્વે વયં તરિષ્યામો' યસ્યૈષાડભૂન્મતિઃશુભા ॥**
**સમત્વેન ચ યઃ કાર્ય સર્વથા સર્વદાડકરોત્ ।**
**રમૂજિલાલ કમલં સદ્ગુરું સર્વદા નુમઃ ॥**

જેઓ 'મુક્ત છું' એ ભાવના રાખીને જ્ઞાનદષ્ટિથી જુએ છે; અકીર્તિ, અપમાન અને અલ્પતાને ઈચ્છે છે, શિષ્યોના આત્માના ઉધ્ધારની સુંદર ચાવી જેઓ જાણે છે તે સદ્ગુરુ શ્રીરમુજીલાલજીને પ્રેમપૂર્વક અમો પ્રણામ કરીએ છીએ.

(ગતાંગથી ચાલુ...)

સર્વોપાધિની જન્મદાવી ભૂમિકા મનજ છે. મન અહંતા મમતા આદિ સર્વનું મૂળ કારણ છે, મન જ બંધન અને મોક્ષનું કારણ છે. માટેજ કહ્યું છે કે :-

**મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ।**
**બન્ધાય વિષયાસકતં મુકત્યૈ નિર્વિષયં સ્મૃતમ્ ॥**

મનુષ્યનું મન જ માયાનું બંધન અને મોક્ષનું કારણ છે. જ્યારે મન વિષયોમાં આસક્ત બને છે ત્યારે બંધનનું કારણ બને છે અને જ્યારે મન વિષયરહિત બને છે ત્યારે મુક્તિનું કારણ બને છે.

જેમ મૂર્ખ ઘોડેસ્વારના ઉપર ઘોડો ચઢી બેસતાં સવારી કરનારનું મોત થાય છે, તેમજો મન વશ કરનાર ઉપર મન પોતેજ ચઢી બેસે તો તે બંધનનું કારણ બને છે. પરંતુ બાહોશ સવાર જેમ લગામ વડે અશ્વને કબજે રાખીને તેને ધારે તેમ ચલાવે છે, તેમ આત્માની સંયમી સદ્બુદ્ધિ પ્રમાણે જો મન ચાલે તો તે તમામ બંધનોને છેદનાર, માયામોહ ત્યજાવનાર અને મોક્ષ આપનાર બનતાં મોક્ષનું કારણ બને છે. મન વશ થતાં આત્મસ્વરૂપને પામવું તે લેશમાત્ર દુર્લભ નથી.

અનુભવી મહાપુરૂષો કહે છે કે ઈંદ્રિયો માત્ર હથિયાર છે પણ કાર્ય કરનાર હાથ તો મન છે. માટે હથિયારે હથિયારે અથડાયા કરતાં મૂળ યંત્રરૂપ મનનેજ એવું મારતાં શીખો કે તે સ્વતઃ કાંઈ કરી શકે નહિ અને આપણને ખેંચી જઈ શકે નહિ. મનને જીતવાનો સરળ અને ધોરી માર્ગ એકજ છે કે ઈચ્છા ઉત્પન્ન થતાંજ ઈચ્છાને રોકો, આકાંક્ષા જાગે તો તેને જાગતી અટકાવો, વાસના વધવા માંડે તો વાસનાને ઊગતી ડામી દો. જે કાંઈ ખાવા-પીવા-સૂંઘવાની ઈચ્છા થાય તે તમામને ઉત્પન્ન થતી અટકાવશો તોજ મનોવિજય કરી શકશો, પણ જો મનની ઈચ્છાને આગળ વધવા દેશો તો તે પછી તેને રોકવાની મહેનત વધારે પડશે અને પરિશ્રમ નકામો જશે. માટે પ્રથમ ઈંદ્રિયજીત ન બનતાં પ્રથમ મનોજીત બનો. કેમકે ઈંદ્રિયો માત્ર વિકાર પોષવાનું સાધન છે અને મનમાં મોહ જાગ્યા વિના ઈંદ્રિયો સુધી વિકાર પહોંચતો નથી. માટે ઈંદ્રિયો વિકારનું કેન્દ્ર યાને ઉત્પત્તિસ્થાન નથી, પણ મનજ વિકારનું કેંદ્ર અને ઉત્પત્તિસ્થાન છે. જેમ ડાળે ડાળે કે પાંદડે પાંદડે પાણી રેડવાથી

વૃક્ષમાં જળનું સિંચન થતું નથી, તેમ ઈંદ્રિયોથી વિકાર પોષાય છે પણ ઈંદ્રિયોમાંથી વિકાર જાગતો નથી, કિંતુ મનમાંથી વિકાર જાગે છે.

જગતના ઘણા મનુષ્યો વિકારને પોષી શકતા નથી તેથી સંયમી હોવાનો દેખાવ કરે છે, પરંતુ એકાંતમાં અઘર ગુપ્તપણે યા છૂપી રીતે તેઓ મનમાં વિકારની ભાવનાઓનો ઉત્તેજિત કરે છે અને પોષે છે; ત્યારે મનોજીત મનુષ્ય મનમાં ઉત્પન્ન થતા વિકારને મૂળમાંથી ડામી દે છે, તેથી વિકાર ઈંદ્રિયો સુધી પહોંચતો નથી. કદાચ વિકાર વધવા માંડે તો તેને સ્વધર્મની અને સદાચારની કેળવણીથી અટકાવે છે. એટલું જ નહિ પણ એકાંતમાં યા ગુપ્ત રીતે વિકારી ભાવનાઓને અટકાવે છે, તેથી વિકારી ઈંદ્રિયો સ્વતઃનિસ્તેજ બને છે. કેમકે મન વડેજ ઈંદ્રિયોની લોલુપતા વધે છે. સ્વાદિષ્ટ ભોજન, કર્ણપ્રિય મધુર વાજીંત્રો અને સંગીત, ધ્રાણપ્રિય સુગંધી, પરસ્ત્રીને મા-બહેની દૃષ્ટિએ ન જોતાં વિકારી દૃષ્ટિથી જોવી; એ સઘળું કોઈ ઈંદ્રિય માગતી નથી, પણ સર્વ કાંઈ મન જ માગે છે. મન મોહની આડે સ્વધર્મને કે સદાચારને સંભારવા દેતું નથી. સંભાર્યા પછી મન આત્માને સ્વાધીન થતું નથી અને સ્વાધીન થયા પછી પણ દુષ્કર્મ કરવામાંજ મન પ્રવૃત્ત થાય છે.

કર્મ અને સ્વધર્મ સમજનાર મનજ ધર્મ અને સદાચારને, દુષ્કર્મની શરમને તથા અનંત પાપના ભયને ફગાવી દે છે. મનુષ્યને મન મોહ, લોભ અને વિકારમાં અંધ બનાવે છે. કદાચ કોઈ દૃઢ મનનો આત્મા હોય તોપણ મન તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કરે છે. મનના યુદ્ધથી નિશ્ચળતા ડગી જાય છે, છતાં સાવધાન આત્માની સામે મન ન ફાવે ત્યારે તે પવિત્ર બુદ્ધિમાં કાંઈક ન્યૂનતા પહોંચાડે છે. આમ છતાં સહેજ ન્યૂનતા પણ ન પામતાં, અડગ રહી મનને મુડદું બનાવીને જે તેને જીતે છે, તે સર્વદા સર્વ પ્રકારની સિદ્ધિને પ્રાપ્ત થાય છે, એટલું જ નહિ પણ તે સિદ્ધિઓનો સ્વામી થાય છે. તેમજ કસોટી કર્યા બાદ અડગ મનનો આત્મા હોવાની ખાત્રી થતાં સિદ્ધિ તેના ચરણમાં આળોટી પડે છે. નિષ્પાપ મનના પવિત્ર આત્માનેજ સિદ્ધિ વરે છે. પણ ગુપ્ત પાપી, દાંભિક અઘર ગુપ્ત સ્વધર્મહીનને કદી કોઈ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. આ યુગયુગ જૂનો સિદ્ધાંત સર્વદા અડગ અને અફર છે.

પૂર્વના યોગબળ યા સંસ્કારથી અગર કોઈ સાચા સંતપુરૂષનો કૃપામય હસ્ત

આશીર્વાદ રૂપે પડે તો તેથી મનોજીત થવાય અગર ક્રમેક્રમે મનોનિગ્રહની કેળવણી કરાય તો મનોજીત થવાય, અગર પૂર્વની પુણ્યાઈ જાગવાથી મન કોઈક થી જ આકસ્મિક રીતે જીતી શકાય છે, નહિ તો ગૃહસ્થાશ્રમમાં રહીને ક્રમેક્રમે અધ્યાસ અને અભ્યાસ વડે તેને જીતી શકાય છે.

છતાં સામાન્ય મનોસાધનાનો મુખ્ય માર્ગ એ છે કે મન જે સારી યા ખરાબ ઈચ્છા કરે તેને પૂર્ણ ન કરવી, ભૂલી જવી અને મનની ઈચ્છાનુસાર કાંઈપણ કરવું નહિ.

ઘણા ઘણા સંતપુરૂષોએ મન જીતવાનો સરળ માર્ગ એકજ શોધી કાઢ્યો છે કે :- મન જયારે જે વસ્તુ ઈચ્છે ત્યારે તેની તે ઈચ્છા પૂરી કરવી નહિ. મન ઈચ્છા ત્યારે તેને ઈચ્છિત પદાર્થો ખવડાવવા નહિ, ઈચ્છે ત્યારે તેને સારાં યા સુંદર વસ્ત્રો પહેરાવવાં નહિ, ઈચ્છે ત્યારે તેને સુગંધિત પદાર્થો સુંઘાડવા નહિ, ઈચ્છે ત્યારે તેને જગતની સુંદરતા બતાવવી નહિ, ઈચ્છે ત્યારે વિષય-વૈભવ ભોગવાવવા નહિ. અર્થાત્ મનની જે જે ઈચ્છા જયારે જયારે થાય ત્યારે ત્યારે તે તે ઈચ્છાનો જવાબ અવરોધથી યા અટકાયતના પથ્થરથી આપવો. એટલે કે સારા પદાર્થો ખવડાવવાનો બદલે અપ્રિય ખોરાક ખવડાવવો, સારાં વસ્ત્રો પહેરાવવાનો બદલે ફાટેલાં-થીગડાંવાળાં વસ્ત્રો પહેરાવવાં, સુગંધી લેવા ઈચ્છે ત્યારે દુર્ગંધ આપવી, સુંદર શૈયા ઈચ્છે ત્યારે કાયાને ભોંય ઉપર યા શરીરને ખૂંચે તેવી કડક અને કરડે તેવી શૈયા ઉપર સુવાડવી, વિષય-વૈભવ ઈચ્છે ત્યારે કોઈ વિષયસુખ કે વૈભવ આપવા નહિ, પણ શરીરને દુઃખ પડે તેમ કરવું. આ રીતે કરવાથી મન સારી રીતે સમજી જશે કે :- આ આત્મા પાસે મને કોઈ સુખ મળે તેમનથી, એટલે તે આપોઆપ જ કોઈ ઈચ્છા અપેક્ષા કરતું અટકી જશે. આ પ્રમાણે કર્યા પછી મન તે આત્માને દુશ્મન, નિસ્તેજ, શક્તિહીન અગર ઈચ્છા પૂરી નહિ કરનાર તરીકે ઓળખશે અને તે નિષ્ક્રિય અને ઈચ્છારહિત બની જશે. આ રીતે મનના વિચાર, તર્કવિતર્ક અને લાંબા-ચોડા વિચારોને અટકાવવાથી મન સીધુંદોર થઈ જશે.

કેટલાક સંતોએ પોતાના મનને ક્રિયારહિત બનાવી દીધા પછી ઈચ્છારહિતપણામાં સુંદર સ્વાદિષ્ટ પદાર્થો ખાધા છે, કદી ન પહેરેલાં હોય તેવાં

સુંદર-સુશોભિત વસ્ત્રો પહેર્યાં છે, ધન-સંપત્તિના, વાહન વિગેરેના વૈભવો ભોગવ્યા છે, પોતે ધનના ગુલામનથી પણ ધન-સંપત્તિ તેમની ગુલામછે, એમ સમજી સંપત્તિના ઢગલા ઉપર બેઠા છે અને સાવ નિરપેક્ષ રહી પોતે કોઈ ઈચ્છાના ગુલામનથી, પણ મનેચ્છા તેમની ગુલામ છે, એ રીતે વર્તીને ઈચ્છા વિના, મોહ વિના, આશા-અપેક્ષા વિના, ગૃહસ્થાશ્રમી રહીને, સંસારી છતાં સંન્યાસીનું અને માયાના બંધનમાં રહેવા છતાં મુક્તાત્માનું જીવન ગુજાર્યું છે. આજે કોઈને તે મહાપુરૂષોની નકલ કે તેવા હોવાનો ઢોંગ કરવાનો કે પોતાના પાપને છુપાવી પવિત્ર હોવાનો દંભ કરવાનો કાંઈજ અધિકાર નથી. કેમકે જનકવિદેહી એકજ થયો છે, અનેક જન્મ્યા નથી, તે દરેકે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. તેમજ સંતના પવિત્ર હૃદયની સીમા સુધી પહોંચવા માનવ સ્વભાવ અસમર્થ છે માટે મન જ્યારે શબ્દ-સ્પર્શાદિ વિલાસ યા મોહોન્માદ ઈચ્છે ત્યારે શબ્દનો કે સ્પર્શનો કે કોઈપણ પ્રકારનો કોઈપણ આનંદ આપવો નહિ. સદ્‌બુદ્ધિને, સંયમને અને સદાચારને દૃષ્ટિ સમક્ષ રાખીને સત્પુરૂષે કદી પરસ્ત્રી સાથે એકાંત સેવવો નહિ. મનને ધનાદિની ઈચ્છાઓ જાગે ત્યારે મનુષ્યને માત્ર પેટપૂર ખાવા જોઈએ છે, બહુ તો શરીર ઢાંકવા વસ્ત્ર જોઈએ છે, તેથી વિશેષ ધનની શી જરૂર એમ વિચારીને ઈચ્છાઓ અટકાવવી.

શાથી કે ધનઘેલી દુનિયાની માફક સુખ મેળવવાનાં ફાંફાં મારી અન્યાય, અનીતિ, અધર્મથી કે કોઈ કપટ ચાલાકીથી કદી કોઈનું ધન લેવા-મેળવવા લલચાવું-આકર્ષાવું નહિ, તે ઉચ્ચ માનવતાનું કર્તવ્ય છે. શુદ્ધ પવિત્ર આત્માને મોહ-લોભમાં પડે તેમઅવળે માર્ગે દોરી જવો નહિ, તે આત્માનું કર્તવ્ય છે. ત્યારે મનના તાબે ન થવું મનના દોરાવ્યા દોરાવું નહિ પણ આત્માએ સ્વેચ્છાનુસાર સ્વધર્મપરાયણ રહી મનને સન્માર્ગે દોરવું તે આત્મકર્તવ્ય છે. નિર્દોષ આત્મબુદ્ધિ જ્યારે ઈચ્છે ત્યારે અને જ્યાં રોકવા ઈચ્છે ત્યાં તુરત જ મનની ઈચ્છાને અવરોધવી, તેજ મન ઉપર જીત મેળવવાનો ઉત્તમ સરળ માર્ગ છે. જે મનને સ્વધર્મના ચિંતવનમાં અને સત્કર્મની પ્રવૃત્તિમાં રોકેલું રાખે છે તેને સન્માર્ગ, સદ્‌બુદ્ધિ અને સદ્‌બોધના નિદિધ્યાસનથી મનને જીતવા વાર લાગતી નથી. દરેક આત્માનું શ્રેય, પ્રેય અને ધ્યેય પ્રભુ છે, માટે મારાથી પાપ ન થાય, સદાચારથી ભ્રષ્ટ ન થવાય, હું

પાપનિષ્ટ નથી પણ ધર્મિષ્ટ છું, તેવું ભાન દરેકે સર્વદા રાખવું.

મનોજીત થતાં જિતેંદ્રિયતા આપોઆપ આવવાની છે અને તે વિના સર્વ પ્રકારની ઉપાધિ બંધનરૂપ કાયમઊભી રહે છે. સંસારમાં કેટલાકે પ્રભુપ્રાપ્તિ માટે ત્યાગ ગ્રહણ કરેલો હોય છે. પણ મનોજીત થયા વિના જિતેંદ્રિયતા આવતી ન હોવાથી તેમનો શ્રેષ્ઠ ત્યાગ પણ નિરર્થક છે. કદાચ લોકલજ્જા પૂરતો ત્યાગ સેવાય છે, પણ ત્યાગનો સાચો ધર્મ અને મર્મ માર્યો જાય છે. માટે અધ્યાસે અને અભ્યાસે કરીને પણ મનને આત્મસ્વાધીનતામાં લઈ અવશ્ય આત્મહિત સાધવું જોઈએ.

જ્ઞાનીઓએ થોડા શબ્દોમાં કેવા ભેદ અને કેવા સ્વરૂપ બતાવેલા છે અને તે વડે કેટલી આત્મોન્નતિ થાય છે, તે વિચારો. સદાચાર (બ્રહ્મચર્ય) જેવા ગંભીર વિષયનું સ્વરૂપ સંક્ષેપમાં ચમત્કારીરૂપે આવ્યું છે. બ્રહ્મચર્ય પાલન એટલે સ્ત્રીથી સો ગાઉ દૂર રહેવું એમનથી, પણ કોઈપણ સ્ત્રીને મોહ કે વિકારદષ્ટિથી જોવી નહિ કે કોઈ સ્ત્રીના રૂપલાલિત્ય પ્રત્યે સહેજ પણ ન આકર્ષાતાં મળ-મૂત્ર-હાડ-માંસ-રૂધીરથી ભરાયેલા શરીરમાં જોવા કે મોહિત થવા જેવું યા આકર્ષાવા જેવું કે જોઈને ખુશ થવા જેવું શું છે, તેનો વિચાર કરી ઋષિમુનિઓ વધુમાં વધુ બ્રહ્મચર્ય પાળી દીર્ઘાયુષ્ય ભોગવતા, એટલું જ નહિ પણ મૃત્યુને પાછું કાઢતા. તે ઋષિમુનિઓ કાંઈ ત્યાગી ન્હોતા, પણ સ્ત્રી-પુત્રાદિવાળા ગૃહસ્થાશ્રમી હતા. તેમનાં મન અને આચરણ મોહમય, સ્વેચ્છાનુસાર વર્તનાર અને સ્વધર્મ-સદાચારની લગામવિનાના ન હતા, આ રીતે દઢ મનના હોવા છતાં ઋષિમુનિઓ પોતાના સત્ચારિત્ર્યમાં કોઈપણ દોષ પ્રવેશે નહિ અગર કોઈ દોષ પેંસશે તો પોતાના સંતાનો, કુટુંબ અને સમાજ વગેરે દોષિત અને પાપમાર્ગે જનારા થશે, એમ સમજીને પોતાનું આચરણ આરસી જેવું પવિત્ર રાખી નિષ્પાપી અને નિર્દોષ રહેતા અને આદર્શ જીવન જીવતા. નિષ્કલંક જીવન જીવવા માટે પોતે લગ્ન કરતા, પોતાની પત્ની-પરિવારને આશ્રમમાં રાખી તપશ્ચર્યા કરવા ગિરિકંદરા યા જંગલોમાં અગર નદી કિનારે એકાંતે રહેવા જતા. ઋષિમુનિઓ ત્યાગી બનતા ન હતાં તેમજ વિષયાંધ કે મોહાંધ સંસારી પણ બનતા ન હતા. પણ આદર્શ ગૃહસ્થાશ્રમી રહેતા અને માનવજીવનની દીવાદાંડીરૂપ બની જનસમાજને આદર્શ દાખલો પૂરો પાડતા.

૪૭

**શિષ્ય :-** મનનો સિદ્ધાંત શું છે ? વળી મનના કેટલા પ્રકાર છે, તે સમજાવો.

**ગુરુદેવ :-** મનનો સિદ્ધાંત એ છે કે સાચું સમજવા છતાં તે પ્રમાણે વર્તન થવા દેવું નહિ. કેળવણીના તમામ પ્રકારોમાં મનની કેળવણી મુખ્ય છે. જો કે મનને કેળવાય તોપણ તેમાં ઘણી ખામીઓ યા ઊણપો રહે છે. તે ઊણપોજ માનવજીવનમાં મનને કેળવાતું અટકાવે છે, એટલું જ નહિ પણ મનની કેળવણીના પાયાનેજ કાચો રાખે છે અધર હચમચાવી નાંખે છે.

મન બળવાન વસ્તુ છે જ નહિ, પરંતુ તેમાં મરેલાંને જીવતા કરવાની અને જીવતાને મારી નાંખવાની, સ્થિર મનનાને અસ્થિર બનાવવાની અને અસ્થિર મનનાને સ્થિર બનાવવાની અમોધ રામબાણ શક્તિ છે. એટલું જ નહિ પણ ગમે તેવા દૃઢ નિશ્ચયવાળાને પણ બુદ્ધિ-ચિત્ત-અહંકાર દ્વારા નક્કી થયેલા નિશ્ચયથી ફેરવી નાંખવાની મનમાં શક્તિ રહેલી છે. એટલે કે કોઈપણ કાર્યમાં, કોઈપણ નિશ્ચયમાં કોઈપણ સિદ્ધાંતમાં, કોઈપણ સાનુકુળ વા પ્રતિકૂળ નિશ્ચયના ચૂરેચૂરા કરી નાંખવાની શક્તિ મનમાં રહેલી છે. જેથી મનમાં નિશ્ચયને તોડી નાંખવાની શક્તિ રહેલી છે, તેવી નિશ્ચયને ટકાવવાની શક્તિ પણ મનમાંજ રહેલી છે. તેથી મનને પાળનાર અને મારનાર એમ બન્ને પ્રકારનું માનેલું છે. બુદ્ધિ-ચિત્ત-અહંકારના નિશ્ચયને મન તોડી શકે છે તે સાચું છે, પણ મનના નિશ્ચયને મન તોડી શકતું નથી. બુદ્ધિના નિશ્ચયરૂપી કિલ્લો છાણ માટી જેવો છે, કિંતુ મનના નિશ્ચયનો કિલ્લો અભેદ્ય વજ્રનો હોય છે.

મનના બે પ્રકાર માનેલા છે. (૧) અપક્વ મન અને (૨) પક્વ મન. અપક્વ મનનો નિશ્ચય તૂટ્યા વિના રહેતો નથી અને તે લાંબો સમય ટકતો પણ નથી, ત્યારે પક્વ મનનો નિશ્ચય કલ્યાણદાયી છે. પક્વ મનના નિશ્ચય વિના મનુષ્યમાં ત્યાગ, નિશ્ચય, સિદ્ધાંત, અડગતા, પ્રતિજ્ઞા આદિ ટકતાં નથી. અપક્વ મન અકલ્યાણ કરનારૂં અને અવળા માર્ગે દોરી જનારું છે, ત્યારે પક્વ મન કલ્યાણ કરનારું, ઉચ્ચગતિએ લઈ જનારું અને સામાન્ય મનુષ્યમાંથી મહાન મનુષ્ય બનાવી છેવટે પ્રભુ સુધી દોરી જનારું છે. કાચી માટીનાં રમકડાં આદિ ઘાટ પર પાણી રેડવાથી તે

રમકડાંનો ઘાટ ઓગળી જાય છે, પરંતુ જે રમકડાંને ભઠ્ઠીની આંચ આપીને પરિપક્વ બનાવેલાં હોય છે તેને પાણીની કોઈ અસર થતી નથી. તેમજેને એક નહિ પણ અનેક પ્રકારના દુઃખો પડ્યાં હોય અને ગમે તેવી આપત્તિ પડવા છતાં જેની દઢતા, શ્રદ્ધા, પ્રેમઅને ભક્તિ ઓછાંવત્તાં ન થતાં કાયમએક સરખાં રહ્યાં હોય, તેવો પરિપક્વ મનવાળો મનુષ્ય દુઃખથી કે સુખથી, હાસ્યથી કે શોકથી ખીલતો કે મુંઝાતો નથી, યા હસતો કે રડતો નથી. તેથી તે લક્ષ્મીના પુત્ર સમાન સુખ ભોગવવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. સંસારમાં સેંકડેનવાણું ટકા ઉપરાંત મનુષ્યો નજીવી થોડી ભક્તિના બદલામાં સંસારનું અનેકગણું સુખ માગે છે. પોતાનામાં સાચી દઢતા કે પ્રેમહોતોજ નથી પણ કૃત્રિમપ્રેમદેખાડી સુખ-સંપત્તિ માગે છે યા લેવા ઈચ્છે છે, પણ એટલું સમજતા નથી કે પક્વ મનવાળા મનુષ્ય બન્યા વિના આપણે કાચી માટીના રમકડાંની માફક પાણીથી ભીજાતાં ઓગળી જવાના છીએ. માટે પહેલાં પક્વ મનવાળા અને સાચી શ્રદ્ધાવાળા બનવું જોઈએ. યોગ્ય પાત્રતા વિના પ્રભુ યા બીજા દયા નહિ કરે. પ્રભુનાં અમૃત વારિનો વરસાદ પોતામાંથી નીકળી ન જાય તેવા સાચા અને શુદ્ધ બનવું જોઈએ. પક્વ મનના બનવા માટે મનની સુસંસ્કારીતા આવશ્યક છે.

જેમ કોઈ મનુષ્ય મહાન નથી પણ તેને જેટલી સાચી કેળવણી મળે તેટલો તે મહાન થાય છે તથા જેમ અન્નના આટાને પ્રમાણસર કેળવણી મળતાં તેમાંથી ખાવા લાયક પદાર્થો બને છે, તે પ્રમાણે દરેક મનુષ્યના મનને જેટલું કેળવવામાં આવે, તેટલે તે મનુષ્ય મહાન અને આદર્શ પુરૂષ થાય છે. આથી દરેકે મનુષ્યે મહાન બનવા માટે મનને કેળવવું જોઈએ.

મનનો સ્વભાવ ચલિત છે તેથી તે સ્થિર રહેતું નથી, પરંતુ તેના વિચારો બદલવાના સ્વભાવને તોડી-ફોડીને તેને દઢ બનાવવું જોઈએ. જ્યારે જ્યારે મનને વ્યસનો કે વિષય ભોગવવાનો, લલચાવાનો યા પોતાના સ્વભાવ પ્રમાણે વર્તવાનો વિચાર થાય ત્યારે ત્યારે વ્યસનની વસ્તુ આદિને પોતાની સામે મૂકીને, એટલું જ નહિ પણ હોઠ સુધી લાવીને મનનો નિગ્રહ કરવાની ટેવ પાડવી અને વ્યસનને વાપરવું નહિ. તેજ પ્રમાણે વિષયમાં પણ એવી અટકાયત કરવી કે ઈચ્છા હોવા છતાં પણ તેને ભોગવવા નહિ, લલચાવાનો મનનો સ્વભાવ હોવા છતાં ધન-સંપત્તિના મોહને એવી રીતે રોકવો કે સાચાં દેખાતાં પરધન કે પરસ્ત્રી ઉપર મોહ કે પ્રેમ ન જાગે અથવા

જાગે તો મનમાં જ તેને રોકવાં.

માનવજીવનમાં દઢતા એજ સાચા અને પ્રમાણિક વિશ્વાસનું તાદશ્યરૂપ છે, બુદ્ધિ વિના દઢતા આવતી નથી અને અનુભવ વિના બુદ્ધિ આવતી નથી. દઢતા વિના વિશ્વાસ આવતો નથી અને વિશ્વાસ વિના કોઈપણ કાર્યની સફળતા થતી નથી તેમજ વિશ્વાસ વિના વિશ્વેશ્વર પણ કદી રીઝતા નથી. કડવા અનુભવો મળ્યા પછી, જો કોઈ કાર્યોમાં સફળતા ન થાય તો છેલ્લે પ્રભુનો યા ભક્તિનો દોષ કાઢવાનો માનવ સ્વભાવ હોય છે. પણ માનવને મુશ્કેલીઓ પડે તે છતાં સ્વધર્મ અને ધીરજ રાખવામાં આવે, તો પછી છેલ્લે પ્રભુનો વિશ્વાસ જાગૃત થાય છે. જો તેમાં અધવચ ડગી ગયા તો ''અધવચ અધૂરા ત્યાં ડૂબ્યા''ની સ્થિતિ ઊભી થાય છે, પણ જો સાચો અને દઢ વિશ્વાસ આવે તો પ્રભુને મનુષ્ય ઉપર કૃપા કર્યા વિના છૂટકો થતો નથી. પ્રભુના કાન બહેરા નથી અને પ્રભુની કૃપા થતાં ઘાસના તરણા જેવો તુચ્છ મનુષ્ય મહાન કાર્યો કરવા શક્તિમાન થાય છે. પ્રભુની કૃપા-દયાનું ઝરણં કદી સુકાતું નથી, પણ તેને પોતાની તરફ વાળવા માટે ધીરજયુક્ત લાંબા સમય સુધીનો વિશ્વાસ હોય તોજ મન પક્વ બને છે. અપક્વ મન માનવ માત્રમાં અધીરાઈ, અવિશ્વાસ અને પ્રભુ પ્રત્યેની વા પ્રભુકૃપા પ્રત્યેની શંકા ઉપસ્થિત કરે છે, તેથી મનુષ્યને જે મળે તે મેળવી લેવાની આદત પડે છે જેમચોર કોઈના ઘરમાં પ્રવેશે તો તેને ઓટલા ઉપરથી કોઈના જોડા, છત્રી કે લાકડી મળે, ખડકીમાંથી કે ચોકમાંથી કપડાં મળે, પરસાળમાંથી કપડાં કે થોડા ઘણાં પૈસા મળે, ઓરડામાં પેસે તો ભારે કપડાં તથા થોડા વધુ પૈસા મળે; પણ જો તિજોરી કે કબાટ સુધી પહોંચે તો ઘરેણાં-ગાંઠાં અને ઘણું ધન મળે છે. તે પ્રમાણે મનુષ્યને જેટલો વિશ્વાસ અને ધૈર્ય હોય તેટલા વધુને વધુ ઊંડા જવામાં જ મહાન લાભ થાય છે. પણ જો ડગમગતો વિશ્વાસ હોય અગર જે મળ્યું તે લાભ લઈ લેવાની લાચલુ ઈચ્છા થાય તો જે મળ્યું તેથી થોડેથી સંતોષ માની જવો પડે. તેનું મુખ્ય કારણ એકજ છે કે તેનામાં દઢતા નથી, વિશ્વાસ નથી અને પ્રભુની પૂર્વકૃપા થતાં સુધીનું ધૈર્ય નથી. અપક્વ મન મનુષ્યને ચલિત કર્યા વિના રહેતું નથી અને મનુષ્ય લાલચુ બની જેટલો વિશ્વાસ ગુમાવે તેટલો તે પાછો પડે છે. અસ્થિર મનનો યા સત્વર લાભ ઈચ્છનાર મનુષ્ય કોઈ સિદ્ધિ મેળવી શકતો નથી અને ઊંડે જઈ શકતો નથી. અર્થાત્ પ્રભુની પૂર્ણ કૃપા થતાં સુધી અપક્વ મનવાળો ચલિત થયા વિના રહેતો નથી.

(વધુ આવતાં અંકે)

## સદ્‌ગુરુશ્રી રમુજીલાલ સંવત્સરી મહોત્સવ

આપણા સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, પ્રેમસિંધુ અને પરમયોગેશ્વર સદ્‌ગુરુ શ્રી રમુજીલાલની મોક્ષગમન તિથિ સંવત ૨૦૭૪ના પોષ વદ–૬ને રવિવાર તા.૦૭–૦૧–૨૦૧૮ના મંગલ દિવસે આવતી હોવાથી તા. ૦૬–૦૧–૨૦૧૮ શનિવાર તથા તા. ૦૭–૦૧–૨૦૧૮ને રવિવાર એમ બે દિવસ માટે આ સંવત્સરીનો ઉત્સવ વલ્લભાશ્રમ અનાવલ મધ્યે આનંદપૂર્વક ઊજવવામાં આવશે.

આ સંવત્સરી મહોત્સવમાં ધર્મલાભ લેનાર દરેક ધર્મબંધુ ભાઈ–બહેનોએ તા. ૦૫–૦૧–૨૦૧૮ની સાંજ સુધીમાં વલ્લભાશ્રમ અનાવલ મુકામે આવી રહેવું.

લિ. તંત્રી વતી

## ચેતવણી લવાજમ વર્ષ-૨૦૧૮

આથી ચેતવણી માસીકના સર્વે ગ્રાહક ભાઈઓ તથા બહેનોને જણાવવામાં આવે છે કે ચેતવણી માસીક ૨૦૧૮ વર્ષનું લવાજમ ભરવાની છેલ્લી તારીખ ૩૧–૧૨–૨૦૧૭ છે. છતાં પણ જેમનું લવાજમ ભરવાનું બાકી હોય તેમને આ છેલ્લી તક આપવામાં આવે છે કે તેમનું લવાજમ તા. ૦૭–૦૧–૨૦૧૮ સુધીમાં સત્વરે ભરાવી દેવા યોગ્ય કરશો. તે પછી કોઈ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવી.

વાર્ષિક લવાજમ – ૭૦/–
આજીવન લવાજમ – ૧૫૦૦/–

શ્રી રમુજીલાલ સંવત્સરી મહોત્સવ દરમિયાન, અનાવલ મુકામે લવાજમ સ્વીકારવામાં આવશે. તેની નોંધ લેવી.

એજ લી.
ચેતવણી કાર્યાલય વતી

છુટક નકલ રૂા. ૬-૦૦
વાર્ષિક લવાજમ રૂા. ૭૦-૦૦

Chetavni (GUJ) RNI No. GUJ GUJ / 2005 / 16095
Postal Regd. No. GAMC-1507/2015-2017 Valid up 31-Dec-2017
Posted at Ah'd PSO On 27th of Every Month
Licence to post without Prepayment No.
CPMG/GJ/129/2015-17 Valid upto 31-12-2017




**શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે :-**

**સુહૃન્મિત્રાર્યુદાસીનમધ્યસ્થ દ્વેષ્યબાન્ધુષુ ।**
**સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્વિશિષ્યતે ॥**
**યોગી યુઙ્જીત સતતમાત્માનં રહસિ સ્થિતઃ ।**
**એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ॥**

જેણે આત્મજ્ઞાને મનને જીત્યું છે અને જે શાંત થયો છે તે આત્મા, દુઃખ સુખના જોડકાંથી તથા માન અને અપમાનથી સમાન રહે છે. જે જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત છે અને જે દૃઢ ચિત્તવાળો અને જીતેંદ્રિય છે અને જેને માટી અને સુવર્ણ સમાન છે તેવો મનુષ્ય યોગમાં આરૂઢ થયેલો ગણાય છે.

વર્ષ-૧૩, અંક-૧૧, સંવત ૨૦૭૪ માગશર સુદ-૮, સોમવાર ૨૭-૧૧-૨૦૧૭

| | |
|---|---|
| માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી | : જયવર્ધન રમુજીલાલ વ્યાસ<br>વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.<br>દ્વારા તા. ૨૭-૧૧-૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કર્યું. |
| ચેતવણી કાર્યાલય | : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. |
| મુદ્રણ સ્થળ | : ભવાની ઓફસેટ,૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫. |